મહત્તમ : ૩૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૨૪ ટકા

ગાંધીનગર તાપમાન

# બજારોમાં ખજૂર-ધાણી-હાયડાની હાટડીઓ લાગી

## હોળી પર્વ નિમિતે બજારમાં ખરીદીનો માહોલ







ગાંધીનગર.તા.૦૪

હોળી પર્વને લઈ હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના બજારોમાં ખજૂર અને ધાણી હયડાની હાટડીઓ લાગેલી જોવા મળી રહી છે. શહેરના બજારોમાં મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા આવી રહ્યા છે. ત્યારે ખાસ કરીને હોળીમાં મકાઈ ધાણી, જુવાર ધાણી, ખજૂર,ચણા, હાયડા સાથે વિવિધ ચીજ વસ્તુઓ બજારમાં હોળીની પરંપરાઓ રુપે જોવા મળી રહી છે. હોળી પૂજન માટે મોળા ચણા અને ધાણી ખૂબ જરૂરી વસ્તુઓ ગણાય છે. સાથે જ શ્રીફળ , હાયડા, પતાસા પૂજામાં ખૂબ ઉપયોગી બનતા હોય છે. હાલમાં ખજૂરની વિવિધ વેરાયટી જોવા મળી રહી છે. જેમાં સાદી ખજૂર, ઈરાણી ખજૂર, કિમીયા ખજૂર બજારમાં ઉપલબ્ધ છે. જે ૧૦૦ થી ૩૦૦ રૂપિયા કિલો ના ભાવે મળી રહી છે. સાથે ધાણીમાં બે વેરાયટી જોવા મળી રહી છે જેમાં જુવારની ધાણી પૂજા માટે અને મકાઈની ધાણી ખાવા લોકો ખરીદતા હોય છે જે ૧૨૦ રૂપિયાથી ૧૫૦ રૂપિયા એક કિલોના ભાવમાં વેચાય છે.

**ધાણી અને ખજૂરનું મહત્વ :**

હોળીના પર્વ નિમિત્તે ખાસ કરીને ખજૂર, ધાણી અને ચણા લોકો આરોગતા હોય છે. ત્યારે હોળી પર્વ એ શિયાળાનો અંત અને ઉનાળાની શરૂઆતમાં આવનાર તહેવાર છે. જેથી વહેલી સવારે ઠંડીનો અહેસાસ થાય છે તો બપોરના સમયે આકારો તાપ અને સાંજે ફરી ઠંડકની અનુભૂતિ થાય છે. જેથી હોળી આવવાના અને હોળી પછીના કેટલાક દિવસો દરમ્યાન વાતાવરણના કારણે સામાન્ય રીતે દરેક વ્યક્તિમાં કફ જોવા મળે છે. આ કફને પીગળે છે ત્યારે તેને શોષવા માટે ધાણી ચણા અને ખજૂર ખાવી જોઈએ જેથી તે શોષાઈ જાય છે.જુવારની ધાણી પૂજા માટે અને મકાઈની ધાણી ખાવા લોકો ખરીદતા હોય છે.

**ધાર્મિક મહત્વ શું છે :**

હોળીના તહેવાર નિમિતે લોકો આખો દિવસ ઉપવાસ કરતા હોય છે અને સાંજે હોલિકા દહન થાય ત્યારે પ્રદક્ષિણા કરી અને ભોજન લેતા હોય છે. હોલિકા દહન બાદ ખજૂર, ધાણી,ચણા અને હાયડા ખાવાની પ્રથાઓ આજે પણ ચાલી રહી છે. ધાર્મિક હોળી મહત્વમાં ખાસ કરીને હોલિકા દાહનમાં લોકો ધાણી અને નાળિયેર સાથે આંબાનો મોર પણ નાખતા હોય છે અને તેની પૂજા પણ કરતા હોય છે. પરંતુ આ મહત્વ ધાર્મિક સાથે લોકો ઋતુ પરંપરા અનુસાર આરોગ્યને અસરકારક હોવાથી ખજૂર, ધાણી, ચણા જેવી વસ્તુઓ રોગવામાં આવતી હોય છે.

# સેક્ટર-૮ની સરકારી પ્રાથમિક શાળા ખાતે આર્ચરીના કેમ્પનો સમાપન સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૪

પ્રતિભા એકેડેમી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી સેક્ટર ૮ની સરકારી પ્રાથમિક શાળામાં સાત દિવસીય આર્ચરી ટ્રેનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રતિભા એકેડેમીના સંસ્થાપક તથા કરાટે નિષ્ણાત ગૌરાંગભાઈ રાણાના માર્ગદર્શનમાં તૈયાર થયેલ આર્ચરી કોચ કુમારી અનેરી પટેલ દ્વારા શાળાના ૩૫ બાળકોને આર્ચરીનું નિઃશુલ્ક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ચોથી માર્ચના રોજ આ કેમ્પના સમાપન સમારોહ પ્રસંગે મેયર હિતેશભાઈ મકવાણા, વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન અરવિંદભાઈ રાણા, શાસનાધિકારી ડોક્ટર હેમાંગ ભટ્ટ, સી.આર.સી કો-ઓર્ડીનેટર અશોક ચૌધરી તથા શાળાના આચાર્ય મિત્તલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવના વરદ હસ્તે ભાગ લેનાર ખેલાડીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કેટલાક ખેલાડીઓએ અતિથિ તથા શાળાના અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ આર્ચરીનું પ્રદર્શન પણ કર્યું હતું.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ઉનો કાર્ડ અક્ટિવિટી કરાઈ

ગાંધીનગર, તા. ૪

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ડૉ ની અક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ બાળકોને ક્લાસમાં ચાર્ટપેપર પર ઉનો કાર્ડના કાર્ડ બનાવી બાળકોએ પણ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ડો.બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે બેઠક

ગાંધીનગર, તા. ૪

ભારતીય બંધારણના ઘડવૈયા ભારતરત્ન ડો.બાબા સાહેબ આંબેડકરની આગામી ૧૪મી એપ્રિલના રોજ જન્મ જયંતિની ઉજવણી કરવા માટે સમિતિની બેઠક તા.૫ માર્ચને રવિવારના રોજ ડો.બાબાસાહેબ આંબેડકર પ્રતિમા સંકુલ, વિધાનસભા સામે ખાતે સવારે ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

# રાયસણ સ્થિત સર્વોદય વિદ્યાલય ખાતે મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવરનો ત્રિદિવસીય વર્કશોપ સંપન્ન

ગાંધીનગર, તા.૪

વાડોકાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા , વૈદિક પરિવાર તથા પ્રતિભા એકેડેમીનાં સંયુક્ત ઉપક્રમે રાયસણ સ્થિત સર્વોદય વિદ્યાલય ખાતે મેમરી એન્ડ ગ્રાસ્પીંગ પાવર વિષય ઉપર ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ધોરણ-૯ થી ૧૨નાં ૧૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.




મુખ્ય વક્તા તરીકે વાડોકાઈ કરાટે ફેડરેશનનાં ચેરમેન અને વિષય નિષ્ણાત અરવિંદભાઈ રાણા તથા સહયોગી વક્તા તરીકે વૈદિક પરિવારનાં મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધીએ સેવાઓ પ્રદાન કરી હતી. આ નિઃશુલ્ક વર્કશોપનાં સંયોજક તરીકે પ્રતિભા એકેડેમીનાં સંસ્થાપક ગૌરાંગભાઈ રાણા હતા.

આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને અઘરા વિષયો કેવી રીતે અને ક્યારે ભણવા જોઈએ, વિષય લાંબો સમય સુધી યાદ રાખવા શું કરવું જોઈએ, ન ગમતા વિષયને રસપ્રદ કેવી રીતે બનાવવો તથા વર્ગખંડમાં અભ્યાસ કરવાની પ્રાચિન વૈદિક પ્રદ્ધતિ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત સ્વમુલ્યાંકન કેવી રીતે કરવું, ધ્યાન અને પ્રાણાયામ ક્યારે અને કેટલા કરવા વગેરે વિષયોની સાથે બ્રેઈન જીમની કરસતોનો પણ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. સમાપન સમારોહ દરમ્યાન સ્થાનિક કોર્પોરેટર મીરાબહેન પટેલે આ કાર્યક્રમનાં આયોજનની પ્રસંશા કરી ધોરણ-૧૦ અને ૧૨નાં વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી. કેળવણી મંડળનાં પ્રમુખ બાબુભાઈ પટેલ, ટ્રસ્ટી બળદેવભાઈ પટેલ, આચાર્ય આશીષભાઈ પટેલ વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


## જન્મદિને વધામણી



નિકેશ બ્રહ્મભટ્ટ
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



ધર્મિષ્ઠા રાઠોડ



વૈદ્ય વર્ષાબેન ભટ્ટ



વૈશ્વવી અરવિંદકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૦ ૦૦૯૩૨



એસ એસ પટેલ



હેનિલ આર ગજ્જર
મો. ૯૯૭૮૯ ૩૧૩૧૧

# ગાંધીનગર ડિસ્ટ્રીકટ કેરમ એસો.ના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ કેરમ એસોસિયેશનની વાર્ષિક સાધારણ સભાની તારીખ ૩-૩-૨૦૨૩ ના રોજ મળેલ બેઠકમાં હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી છે. મૌલિક પટેલ (પ્રમુખ), મિતેષ પટેલ(ઉપપ્રમુખ), પ્રશાન્ત મહેતા(ઉપપ્રમુખ), મહેન્દ્ર ચાવડા (ઉપપ્રમુખ), જીગ્નેશ અન્જાન( મંત્રી), એસ.આર.શેટલૂર(સહમંત્રી), દેવાયત ધકેલ (સહમંત્રી), દિપક પટેલ (ખજાનચી), તુષાર ધનેશ્વર(જનસંપર્ક મંત્રી), કિર્તીબેન મહેતા(મહિલા પ્રતિનિધિ), કારોબારી સભ્યો તરીકે ડી.ડી.મોઝર, કમલેશ પ્રજાપતિ, નેહલ સોની, ડો. કલ્પેશ મેકવાન, નિલેશ બારીયા, નિકુંજ પરમાર અને કુલદીપ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. મૌલિક પટેલ અને એમની ટીમ આગામી સમયમાં ગાંધીનગર જિલ્લામાં કેરમની પ્રવૃત્તિઓને આગળ ધપાવશે.

# સે-૨૧ જિલ્લા પુસ્તકાલય ૩૦મી જુન સુધી બંધ રહેશે

ગાંધીનગર, તા. ૪

સરકારી જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગરનું સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત મુખ્ય નવા ભવનનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં હોઈ હાલના હયાત ગ્રંથાલયનું પણ રીનોવેશનની કામગીરી કરવાની હોઈ તા. ૧૫-૩-૨૦૨૩ થી તા. ૩૦-૬-૨૦૨૩ સુધી ગ્રંથાલયની તમામ સેવાઓ બંધ રાખવામાં આવે છે જેની તમામ વાચકોને નોંધ લેવા વિનંતી.

## લાયન્સ ક્લબ ઓફ ફેમિના અને ASWD દ્વારા સર્વ જ્ઞાતિય દિવ્યાંગ સમૂહ લગ્નનું આયોજન

ગાંધીનગર, તા.૪

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસિએશન ફોર સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટના સંયુક્ત ઉપક્રમે ૧૦ સર્વજ્ઞાતિય દિવ્યાંગ યુગલોના સમૂહ લગ્નનું આયોજન સેક્ટર ૨૨ના રંગમંચ ખાતે ૧૪ માર્ચ ૨૦૨૩ના રોજ હિન્દુ રીત રિવાજ મુજબ કરવામાં આવેલ છે જેમાં એક મુસ્લિમ યુગલ પણ છે જેમના માટે નિકાહની સગવડ પણ કરવામાં આવેલ છે. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ તથા ASWDના પ્રમુખ પરમજીત કૌર છાબડાના જણાવ્યા અનુસાર દરેક યુગલને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ કરિયાવરમા આપવામાં આવશે તથા વરવધુને આગલે દિવસે રહેવાની સગવડ પણ કરવામાં આવશે. બ્યુટી પાર્લર તથા તમામ ખર્ચ સંસ્થા દ્વારા કરવામાં આવશે આ સાથે બીજાને સહાય થઈ શકે તે માટે બ્લડ ડોનેશન કેમ્પ તથા મેડિકલ કેમ્પનું આયોજન પણ કરેલ છે સહયોગ માટે ડિમ્પલ દેસાઈ ૯૯૨૫૨ ૩૪૯૯૦ તથા પરમજીતકૌર છાબડા ૮૨૦૦૬ ૦૨૦૩૪નો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં વિદાય સમારંભ યોજાયો



ગાંધીનગર, તા. ૪

ઈન્ફોસીટી જૂનિયર સાયન્સ કોલેજ, ધોરણ-૧૦ (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ) અને ધોરણ-૧૨ (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ) સાયન્સના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના પ્રમુખ વી.વી. વૈષ્ણવે વિદ્યાર્થીઓને સાહસ દ્વારા સફળતા મળે તેમજ જીવનમાં સમાજને ઉપયોગી થવા જણાવ્યું તેમજ જીવનમાં આવતા સામાજિક પડકારોનો સામનો કેવી રીતે કરવો તથા હંમેશા જીવનમાં સજ્જન માણસ બનવા માટે કથની અને કરણીમાં ફરક ન રાખી પૈસા કરતા કર્મને વધુ મહત્વ આપવાની ગુરૂચાવી આપી હતી અને શાળાના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયાએ વિદ્યાર્થીઓને સફળતાના આર્શિવાદ પાઠવ્યા હતા. આ પ્રોગ્રામ ઈન્ફોસીટી જૂનિયર સાયન્સ કોલેજ, સરગાસણના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા, પ્રમુખ વૈષ્ણવસર, સંસ્થાના હાયર સેકેન્ડરીના પ્રિન્સિપાલ અમિતાબેન તથા કો. ઓર્ડિનેટર રાહુલભાઈ તેમજ ઈન્ફોસીટી સ્કૂલ, સરગાસણના પ્રિન્સિપાલ પ્રવિણાબેન અને સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ તથા તમામ શૈક્ષણિક સ્ટાફના શિક્ષકમિત્રોના સંપૂર્ણ સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૪

સમગ્ર વર્ષ દરમિયાન અનેકવિધ ક્ષેત્રમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરનારાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને સન્માનવા સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ ગાંધીનગરમાં વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતી રંગભૂમિ અને હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા મકરંદ શુક્લ અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. આ પ્રસંગે કૉલેજના આચાર્ય ડૉ. રાજેશ મહેતાએ કૉલેજની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને રમતગમતના ક્ષેત્રમાં સિદ્ધિઓની રજૂઆત કરી હતી. આઈક્યુએસી સંયોજક પ્રા.વૈભવ કોઠારીએ વાર્ષિક અહેવાલનું વાચન કર્યું હતું. આઈઆઈએએસ સીમલા ખાતે એકેડમિક એસોસીયેટશીપ પ્રાપ્ત કરવા બદલ ડૉ. સમીર ભટ્ટ અને પી.એચ.ડી.ના માર્ગદર્શક તરીકે માન્યતા મેળવવા બદલ ડૉ. અલ્પાબહેન પટેલ અને ડૉ. હેમંત વૈષ્ણવનું સંસ્થા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અભ્યાસમાં, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અને રમતગમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું સંસ્થા વતી સન્માન કરવામાં આવ્યું હતું. મકરંદ શુક્લએ તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને જીવનમાં સાતત્ય અને સર્જનાત્મકતાના ગુણો કેળવી સોશિયલ મીડિયાનો વિધેયાત્મક ઉપયોગ કરવાની શીખ આપી હતી. સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે રાજીપો વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓને સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## સે-૭/સી ખાતે સોમવારે હોળી પ્રગટાવાશે

ગાંધીનગર, તા.૪

સેક્ટર-૭ ગાંધીનગર શહેરનું હાર્દ છે. ગાંધીનગર શહેરના તદ્દન મધ્યમાં આવેલ સેક્ટર-૭/સીના શિવશક્તિ મંદિરના પટાંગણમાં આ વર્ષે આગામી તા- ૦૬/૦૩/૨૦૨૩ સોમવારના રોજ સાયંકાલીન ૦૬:૩૦ કલાકે દોઢસો મણ કાષ્ટ દ્વારા હોળી પ્રગટાવવામાં આવશે. શિવશક્તિ મંદિર ટ્રસ્ટ,સેક્ટર-૭/સી પ્રમુખ લાલુભા વાઘેલા તથા ટ્રસ્ટીગણ તરફથી દર્શન હેતુ સૌને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

## માઉન્ટ કાર્મેલ સ્કુલમાં મહિલા દિન નિમિત્તે ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સે-૨૧ની માઉન્ટ કાર્મેલ સ્કુલ ખાતે મેલ સ્ટાફ તથા મેલ સ્ટુડન્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની અનોખી ઉજવણીનું આયોજન શાળાના આચાર્યા મિસ્ટર જેનીફરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. ધો.૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે કલરપૂર્તિ સ્પર્ધા તેમજ ધો.૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે અને શાળાની તમામ શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક મહિલાઓની પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન સ્પર્ધા પણ ત્રણ કેટેગરીમાં યોજાશે. આ સ્પર્ધામાં સૌથી વધારે પ્લાસ્ટિક વેસ્ટ જમા કરાવનાર વિજેતા વિદ્યાર્થીનીઓ, ટીચર્સ, સહયોગી સ્ટાફની બહેનોને સર્ટિફીકેટ અને ટ્રોફી આપી પર્યાવરણ સુરક્ષા માટેના ઉમદા પ્રયાસને બિરદાવવામાં આવશે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ પ્રત્યે જાગૃતિ કેળવવાના આશયથી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની આ પ્રકારે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર બુધાજી માસંગજી ઉ.વ.૫૦, ધોળાકુવા
- સ્વ.સોલંકી મંગુબેન બાદરજી ઉ.વ.૯૫, ડભોડા
- સ્વ.પરમાર શાંતાબેન ગોવિંદભાઈ ઉ.વ.૮૫, ગાંધીનગર
- સ્વ.પરમાર હસમુખભાઈ મુળજીભાઈ ઉ.વ.૪૭, અમદાવાદ
- સ્વ.શર્મા આદેશ લજ્જારામ ઉ.વ.૪૦, પેથાપુર
- સ્વ.પરમાર વાલજીભાઈ મગનભાઈ ઉ.વ.૭૬, ગાંધીનગર
- સ્વ.સોલંકી હિંમતસિંહ જીતુજી વાવોલ
- સ્વ.ઠાકોર ગોવિંદજી ગણપતજી ઉ.વ.૪૮, શિહોલીમોટી
- સ્વ.ખત્રી ભોજીબેન દુર્ગાદાસ ઉ.વ.૫૯, પેથાપુર